PG CL પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમિટેડ PG CL

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર

રજી. અને કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, નાના મવા રોડ, રાજકોટ ફોન નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૫ - ૨૩૮૦૪૨૭, ફેક્સ નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૮
CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com ઈ–મેઈલ :– forum.pgvcl@gebmail.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/૧૦૭/ક્વા–૦૨/૧૬–૧૭/ 9578 તા. 21/10/16

રજી. એ.ડી પત્ર

પ્રતિ,
ઘોળીબેન વિરજીભાઈ પરીયા, આંકોલા ? આંકોલા [પરીયા]
C/O, શ્રી જીતેન્દ્રભાઈ અમરશીભાઈ પરીયા,
ગોવિંદનગર,
ગામ– મોવિયા,
તા. ગોંડલ
મો: ૯૯૨૫૮ ૨૫૭૮૮

વિષય :–મીટર બીલીગ બાબત
સંદર્ભ:– આપની અરજી , તા. ૨૦–૦૯–૧૬ (અત્રે ના ફોરમ ની નોધણી નંબર :૧૦૭/ક્વા–૦૨/૧૬–૧૭ )

શ્રીમાન,

આપની ઉપરોક્ત વિષય અને સંદર્ભ મુજબની અરજી અન્વયે, અત્રેના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર ની ફોરમ કમીટી તરફથી કરાયેલ નિર્ણય આ સાથે આપને મોકલવામાં આવે છે.

જે આપને સુવિદીત થાય. આભાર સહ.,

આપનો વિશ્વાસુ

( કે. ડી. વીરડીયા )
કન્વીનર
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર,
પીજીવીસીએલ – રાજકોટ.

બિડાણ : નિર્ણયપત્ર (પાના નં.- 3.)

નકલ રવાના :
(૧) અધિક્ષક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, ગ્રામ્ય વર્તુળ કચેરી , રાજકોટ
(૨) કાર્યપાલક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વિભાગીય કચેરી ગોંડલ
(૩) નાયબ ઈજનેર શ્રી, પીજીવીસીએલ, ગ્રામ્ય પેટા વીભાગીય કચેરી ન.–૧, ગોંડલ

...સદર નિર્ણયપત્રની નકલ આપને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નિર્ણયપત્રમાં દર્શાવેલ બાબતોની તાકીદે અમલવારી કરી અને તેનો લેખિત પ્રત્યુતરપત્ર અરજદારશ્રી તેમજ અત્રેના ફોરમને પાઠવવાનું આપને ભારપૂર્વક જણાવવામાં આવે છે.

No: 06 [A]

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર(રાજકોટ ફોરમ)

પીજીવીસીએલ, રજી. અને કોર્પોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com

| કેસ નં. : સીજીઆરએફ : ૧૦૭/કવા–૦૨/૧૬–૧૭ | કમિટિ મીટીંગ તા.૧૪–૧૦–૧૬ | સ્થળ :–રાજકોટ |
|---|---|---|

**પક્ષકાર નં.: –(૧) અરજદાર (ફરીયાદી) :**

અરજદાર (ફરીયાદી) : નામઃ ધોળીબેન વિરજીભાઈ પોકીયા ( પરીયા),ગામઃ ગોંડલ

રજુઆત કરનાર : અરજદાર હાજર રહેલ ન હતા.

**વિરૂધ્ધ**

**પક્ષકાર નં.: –(૨) પીજીવીસીએલ (સામેવાળા) :**

પીજીવીસીએલ (કચેરી) : ગ્રામ્ય પેટા વીભાગીય કચેરી ન.–૧, ગોંડલ (કાર્યક્ષેત્ર : વિભાગીય કચેરી ગોંડલ)

રજુઆત કરનાર : વિભાગીય કચેરી ગોંડલ તરફથી કોઈ હાજર રહેલ ન હતા, પરંતુ, ગ્રામ્ય વર્તુળ કચેરી ના નાયબ ઈજનેર (ટેક) તરફથી, સદર કેઈસ મા, ફરીયાદી ની ફરીયાદ નુ, ફરીયાદ ને સંતોષજનક રહે તે મુજબ નિરાકરણ થયેલ હોવા સબબ ના, તમામ દસ્તાવેજીક પેપર્સ અને ફરીયાદી ના લેખીત સંમતીપત્ર સાથે નો, હકીકત લક્ષી અહેવાલ રજુ કરેલ હતો.

## : હુકમ :

### ફરીયાદ : મીટર બીલીગ બાબત

### મુદદા નં.–૧ : પક્ષકાર નં. –(૧) અરજદાર (ફરીયાદી) ની રજુઆત

| | |
|---|---|
| ૧ | અરજદાર શ્રી તરફથી ફોરમ સમક્ષ ની ફરીયાદ અરજી મા, તેમજ ફોરમ કમિટી સમક્ષ રૂબરૂ ઉપસ્થિત રહેલ ન હતા. પરંતુ, તેઓની સવાલવાળી ફરીયાદ અરજી મા વર્ણવેલ મુદદાઓ મુજબ ની વિગતે, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૧.૧ | અરજદાર જણાવે છે કે, તેઓના ગામઃ મોવીયા ખાતે આવેલ, ખેતીવાડી વીજજોડાણ નં.:૩૩૧૩૧/૦૩૮૭૮/૦ ( ૫ હોપા– મીટર ટેરીફ) વાળુ મીટર, સ્થળ પર થી ઉતારી અને લેબોરેટરી મા ચકાસણી કરવામા આવતા, લેબોરેટરી ચકાસણી દરમ્યાન મીટર મા નોંધાયેલ છેલ્લા રીડીગ અન્વયે ના તફાવતીય યુનીટ નુ, જે રૂ.૪૩,૦૪૮/૫૦ નુ બીલ અપાયેલ છે, તે બીલ મીટર મા રહેલ ખરેખર તાંત્રીકક્ષતિ (જમ્પીગ રીડીગ ) ના કારણોસર નુ જ હોય, આ બીલ ને, નામદાર જીઈઆરસી ના ધારાધોરણ– હેઠળ ની માર્ગદર્શીકા અન્વયે, તેમના જોડાણ મા, સ્થપાયેલ પ્રતિ બીલ સરેરાશ વીજવપરાશી યુનીટ મુજબ, સદર વીજબીલ આપવાની જોગવાઈ હોય, તે જોગવાઈ ને આનુષાંગીક રહીને, તેમના જોડાણ મા સ્થપાયેલ પ્રતિ વીજબીલ સરેરાશ વીજવપરાશી યુનીટ મુજબ, તેમજ સીચાઈ ના સ્થળ ની ક્ષમતા, જોડાયેલ વીજભાર, અને ખેતીવાડી મા ઉપલબ્ધ વીજપુરવઠા ના કલાકો, અને ખેતીવાડી સીચાઈ ની સીઝન / ઓફ સીઝન વગેરે તમામ બાબતો ને નજર સમક્ષ રાખીને, અરજદારે સદર બીલ ને ન્યાયિક રીતે મુલવવા, અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે. |

### મુદદા નં.–૨ : પક્ષકાર નં. –(૨) પીજીવીસીએલ (સામેવાળા) ની રજુઆત

| | |
|---|---|
| ૨ | અરજદાર શ્રી તરફથી ફોરમ સમક્ષ ની ફરીયાદ અરજી મા, ફરીયાદ સબંધક એવી જરૂરી માહિતી રજુ કરીને, નીચે વર્ણવેલ મુદદાઓ મુજબ ની વિગતે, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૨.૧ | અરજદાર શ્રી તરફથી ફોરમ સમક્ષ ની ફરીયાદ અરજી ના અનુસંધાને, જણાવવાનુ કે, ફરીયાદી અરજદાર શ્રી ના સદર ખેતીવાડી વીજજોડાણ નં.:૩૩૧૩૧/૦૩૮૭૮/૦ ( ૫ હોપા– મીટર ટેરીફ) નુ સવાલવાળુ જીનસ કંપની નુ, મીટર નં. પીજી ૨૯૭૫૬૦, જે '' જમ્પીગ રીડીગ પરીસ્થીતી નુ હોવા બાબતે – ક્ષતિગ્રસ્ત બાબતે '' ની અરજદાર શ્રી ની રજુઆત ના અનુસંધાને, પીજીવીસીએલ તરફથી, સદર સવાલવાળુ જુનુ ( જીનસ કંપની નુ, મીટર નં. પીજી ૨૯૭૫૬૦) મીટર, જે ચેકીગ શીટ નં. ૧૦૭૮૨૩ થી, તા.૧૫–૦૩–૧૩ ના રોજ, સ્થળ પરથી ઉતારી અને પેપર પેક કરાયેલ હતુ. આ સમયે મીટર મા છેલ્લા રીડીગ ૬૧૫૦૦.૪ નોંધાયેલ હતા. અને જોડાણ મા – ૦૫ હોપા નો કરારીત વીજભાર જણાયેલ હતો. આ દિવસે એટલેકે તા.૧૫–૦૩–૧૩ ના રોજ, અરજદાર ના સ્થાપન પર, નવુ જીનસ કંપની નુ, મીટર નં. પીજી ૩૬૧૫૭૪, જે શરૂઆતના ૦૦૦૦૦૫.૦ થી લગાડવામા આવેલ હતુ. ત્યારબાદ, ફરીયાદી અરજદાર શ્રી ના સદર ખેતીવાડી વીજજોડાણ નં.: ૩૩૧૩૧/૦૩૮૭૮/૦ ( ૫ હોપા– મીટર ટેરીફ) નુ સવાલવાળુ જીનસ કંપની નુ, મીટર નં. પીજી ૨૯૭૫૬૦, જે અરજદાર શ્રી ના પ્રતિનીધી ની હાજરી મા, તા.૧૫–૦૩–૧૩ ના રોજ લેબોરેટરી મા, ટેસ્ટ બેન્ચ પર ચડાવી અને ચકાસણી કરવામા આવેલ હતુ. સદર ચકાસણી દરમ્યાન મીટર યોગ્ય જણાયેલ હતુ. અને તેમા છેલ્લા રીડીગ |

| | |
|---|---|
| | ૬૧૫૦૦.૪ જણાયેલ હતા. આમ, તા.૧૫–૦૩–૧૩ ના રોજ ની લેબોરેટરી ચેકીગ દરમ્યાન જણાયેલ છેલ્લા રીડીગ ૬૧૫૦૦.૪ અને અગાઉ ના, વાસ્તવિક બીલીગ મા મીટર મા નોંધાયેલ છેલ્લા રીડીગ, વચ્ચે ના તફાવતીય એવા ૬૧૪૯૫ યુનીટ નુ રૂ.૪૩,૦૪૮/૫૦ નુ, ફરીયાદી અરજદાર શ્રી ને સવાલવાળુ વીજબીલ, જે સબંધક પેટા વિભાગીય કચેરી મા, પીજીવીસીએલ ની ઓડિટ ટીમ તરફથી થયેલ દરખાસ્ત ના અનુસંધાને અપાયેલ છે. |
| <u>૨.૨</u> | સદર વીજબીલ સામે ની, અરજદાર શ્રી ની ફોરમ સમક્ષ ની મુદદા નં.૧ હેઠળ ની વિગતે ની ફરીયાદ ના અનુસંધાને, સદર મીટર ના જે તે સમય ના, ડાઉનલોડ થયેલ એમ.આર.આઈ. અહેવાલ મા જણાયેલ વિગતો મુજબ, સદર મીટર, જે ક્ષતિગ્રસ્ત થવાને કારણે, ઉત્પન્ન થયેલ, '' જમ્પીગ રીડીગ '' ના કારણોસર, સદર મીટર મા છેલ્લા રીડીગ ૬૧૫૦૦.૪ નોંધાયેલ હોવાની બાબત સ્પષ્ટ થયેલ છે. આમ, સદર છેલ્લા રીડીગ ૬૧૫૦૦.૪, જે ક્ષતિગ્રસ્ત મીટર હેઠળ ના હોવા બાબત ની, સદર મીટર ના એમ.આર.આઈ. અહેવાલ મા, દસ્તાવેજીક પૂર્તતા, પીજીવીસીએલ ને સાંપડેલ છે. જેથી, પીજીવીસીએલ ની સબંધક પેટા વિભાગીય કચેરી તરફથી, સદર પૂર્તતા, જે ઓડિટ ટીમ સમક્ષ ફરી વખત સ્પષ્ટતાઓ સાથે રજુ થતા, ઓડિટ ટીમ તરફથી, સદર રેકર્ડ આધારીત બાબતો ( એમ.આર.આઈ. અહેવાલ) માન્ય રાખી, અને તે અન્વયે, સદર જોડાણ ના કેઈસ મા અગાઉ '' થયેલ રીકવરી અન્વયે ના ૬૧૪૯૫ યુનીટ ની રકમ રૂ.૪૩,૦૪૮/૫૦ ની રીકવરી સબબ નુ, – સદર ઓડિટ પારા કલોઝ કરી – સદર મીટર ને ક્ષતિગ્રસ્તતા હેઠળ આવરી લઈ, અને જોડાણ મા સ્થપાયેલ, પ્રતી બીલીગ સરેરાશ ૪૫૦ યુનીટ ની ગણતરીએ થતી રકમ રૂ. ૭૬૦/– નુ બીલીગ કરવાનુ સુચન થયેલ છે. '' આમ, અરજદાર શ્રી ને અપાયેલ સવાલવાળુ, ૬૧૪૯૫ યુનીટ ની રકમ રૂ.૪૩,૦૪૮/૫૦ નુ વીજબીલ, જે સબંધક પેટા વિભાગીય કચેરી તરફથી, અરજદાર શ્રી ની જાણકારી હેઠળ રદબાતલ કરી, અને જોડાણ મા સ્થપાયેલ, પ્રતી બીલીગ સરેરાશ ૪૫૦ યુનીટ ની ગણતરીએ થતી રકમ રૂ. ૭૬૦/– નુ રીવાઇઝ બીલ, જે અરજદાર શ્રી ની કચેરી મા રૂબરૂ હાજરી મા આપવામા આવેલ છે. આ રીવાઇઝ બીલ અરજદારે રાજીખુશી થી માન્ય રાખી અને, તે મુજબ સદર ૪૫૦ યુનીટ ના રીવાઇઝ બીલ ની રકમ રૂ. ૭૬૦/– , જે રસીદ નંબરઃ ૭૨૨૩૯ તા.૧૯–૦૯–૧૬ થી પીજીવીસીએલ મા, તેઓ શ્રી ના તા.૨૦–૦૯–૧૬ ના લેખીત સંમતીપત્ર હેઠળ ભરપાઈ કરી આપેલ છે. આમ, અરજદાર ની ફરીયાદ નુ પીજીવીસીએલ કક્ષાએથી નિરાકરણ કરાયેલ છે. |

**<u>મુદદા નં.–૩ :</u>** **: <u>નિષ્કર્ષ</u> :**

| | |
|---|---|
| <u>૩</u> | ફરીયાદી અરજદાર શ્રી ની, ફોરમ સમક્ષ ની મુદદા નં. ૧ હેઠળ ની વિગતે ની ફરીયાદ, તેમજ પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદદા નં.૨ હેઠળ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ વગેરે, બન્ને પક્ષકારો ની તમામ બાબતો, ફોરમ કમિટી તરફથી ઉંડાણપૂર્વક અભ્યાસે લેતા, સદર કેઈસ મા, ફોરમ કમિટી તરફથી નીચે મુજબ ની વિગતે નિષ્કર્ષ થયેલ છે. |
| <u>૩.૧</u> | સદર કેઈસ મા, ફરીયાદી અરજદાર શ્રી ની ફોરમ સમક્ષ ની મુદદા નં. ૧.૧ હેઠળ ની વિગતે ની ફરીયાદ ના અનુસંધાને, પીજીવીસીએલ પક્ષકાર તરફથી મુદદા નં. ૨.૨ મુજબ ની વિગતે ની કાર્યવાહી હાથ ધરાતા, ફરીયાદી અરજદાર નુ સદર મીટર ક્ષતિગ્રસ્ત જાહેર થયેલ હતુ. ક્ષતિગ્રસ્ત મીટર ના કેઈસ મા, જોડાણ મા સ્થપાયેલ પ્રતિ બીલીગ સરેરાશ મુજબ બીલીગ કરવાની જોગવાઈ હોય, આવા નિયમાધીન જોગવાઈઓ ને આનુષાંગીક રહીને, પીજીવીસીએલ તરફથી, ફરીયાદી અરજદાર શ્રી ને અપાયેલ સવાલવાળુ ૬૧૪૯૫ યુનીટ ની રકમ રૂ.૪૩,૦૪૮/૫૦ નુ વીજબીલ, જે સબંધક પેટા વિભાગીય કચેરી તરફથી, અરજદાર શ્રી ની જાણકારી હેઠળ રદબાતલ કરી, અને જોડાણ મા સ્થપાયેલ, પ્રતી બીલીગ સરેરાશ ૪૫૦ યુનીટ ની ગણતરીએ થતી રકમ રૂ. ૭૬૦/– નુ રીવાઇઝ બીલ, જે અરજદાર શ્રી ની કચેરી મા રૂબરૂ હાજરી મા આપવામા આવેલ છે. આ રીવાઇઝ બીલ અરજદારે રાજીખુશી થી માન્ય રાખી અને, તે મુજબ સદર ૪૫૦ યુનીટ ના રીવાઇઝ બીલ ની રકમ રૂ. ૭૬૦/– , જે રસીદ નંબરઃ ૭૨૨૩૯ તા.૧૯–૦૯–૧૬ થી પીજીવીસીએલ મા, તેઓ શ્રી ના તા.૨૦–૦૯–૧૬ ના લેખીત સંમતીપત્ર હેઠળ ભરપાઈ કરી આપેલ છે. આમ, અરજદાર ની ફરીયાદ નુ, અરજદાર શ્રી ના તા.૨૦–૦૯–૧૬ ના લેખીત સંમતીપત્ર હેઠળ, પીજીવીસીએલ તરફથી નિરાકરણ થયેલ છે. સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી તે મુજબ નો નિષ્કર્ષ થયેલ છે. |

મુદદા નં.–૪ : **હુકમ**

| | |
|---|---|
| ૪.૧ | સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી થયેલ નિષ્કર્ષ ના મુદદા નં. ૩.૧ મુજબ ની વિગતે, અરજદાર શ્રી ની ફરીયાદ નુ, અરજદાર શ્રી ના તા.૨૦–૦૯–૧૬ ના લેખીત સંમંતીપત્ર હેઠળ, પીજીવીસીએલ તરફથી નિરાકરણ થયેલ છે. |

(શ્રીમતી કે.જે.મોટાણી)
સ્વતંત્ર સભ્ય
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

(એમ.એન. ઓઝા)
સભ્ય (ટેક)
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

(ટી.બી.ભીમાણી)
ચેરમેન
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

નોંધ જો સદર નિણય સાથે આપ સંમંત ન હોય તો, આપ શ્રી તરફથી **સદર નિર્ણય સામે, નિર્ણયપત્ર મળ્યા પછીનાં ૩૦ દિવસની અંદર, ''નામદાર ઓમ્બુસમેન (વિદ્યુત લોકપાલ), ગુજરાત વીજ નિયંત્રક આયોગની કચેરી, બ્લોક નં. ૩, પોલિટેકનીક કંપાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦ ૦૧૫'' સમક્ષ** લેખિત અપીલ અરજી કરી શકાય છે. અપીલ અરજી જો **નાણાંકીય** બાબત સબંધક હોય તો, સદર **રકમના ૩૩% રકમ** પીજીવીસીએલમાં વાંધા સાથે **ભરપાઇ** કરાયેલ હોવાનો ઉલ્લેખ અપીલ અરજીમાં થવો જરૂરી છે..